# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વ્હોરાની ઉપસ્થિતિમાં “EXPERT TALK OUR WOLRD@2025” અંગે વાર્તાલાપ યોજવામાં આવ્યો...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે તા.૧૧-૮-૨૦૨૩ ના રોજ “EXPERT TALK OUR WOLRD@2025” અંગે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વોહરાની ઉપસ્થિતિમાં વાર્તાલાપનું આયોજન કરવામાં આવેલ. રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના પ્રમુખશ્રી નિલેશભાઈ ભોજાણીએ સૌને આવકારી સંસ્થા દ્વારા વર્ષોથી કરવામાં આવતી વિવિધ કામગીરીઓનો વિસ્તારપુર્વક ખ્યાલ આપ્યો.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે આજરોજ આપણા આંગણે એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ઉપસ્થિત રહયા છે તે બદલ આભારની લાગણી વ્યકત કરેલ. રાજકોટ ચેમ્બર હેમંશા વેપાર-ઉધોગકારો તથા આમપ્રજાની સાથે રહી તેઓને પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગોએ ગુજરાત તથા દેશના વિકાસને વેગવંતુ બનાવવા ખુબ જ મોટું યોગદાન આપ્યું છે. દેશ આજે ખુબ જ પ્રગતિના પંથે છે અને આવનારા ત્રણ થી ચાર વર્ષમાં દેશ વિશ્વના મહાન દેશોની સરખામણીમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે.

એમ્બેસેડર તથા પ્રધાનમંત્રીશ્રીના ખાસ સલાહકારશ્રી ડો. દિપક વ્હોરાએ આ પ્રોગ્રામમાં આપેલ માન સન્માન પ્રત્યે સહદય આભાર માન્યો. તેઓ લગભગ ૫૦ વર્ષથી સરકાર સાથે સંકળાયેલ છે અને અનેક પ્રધાનમંત્રીશ્રીઓ સાથે કામ કરી ચુકયાં છે. તેમજ વિશ્વના અનેક દેશમાં એમ્બેસેડર તરીકે પ્રતિનિધિત્વ કર્યું છે. અગાઉના સમયમાં દેશની ઈકોનોમી અન્ય દેશો કરતા ઘણી પાછળ હતી. પરંતુ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪ થી પ્રધાનમંત્રી પદ સંભાળ્યું ત્યારથી દેશમાં ઘણાં ફેરફારો લાવવાનું વિઝન

રાખ્યું અને આજે તે વિઝન સાર્થક થતા દેખાઈ રહયા છે. "આત્મવિશ્વાસ" "આત્મ સન્માન" "આત્મ નિર્ભરતા" આ ત્રણ મહત્વના પરીબળો દેશને વધું ઉંચાઈએ લઈ જઈ રહયું છે. વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં દેશની ઈકોનોમીને ૫ ટ્રીલીયન ડોલર સુધી પહોચાડવાનો સંકલ્પ કર્યો છે તેમની સખત મહેનત અને વહીવટી કુશળતાથી આજે વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમી બની ગયેલ છે. અનેકવિધ યોજનાઓ થકી દેશનો નાગરીક સક્ષમ અને આત્મનિર્ભર બની ગયો છે અને સરકારી તમામ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે છે એ માટે ખુબ જ ઝડપથી અને વ્યાપકપણે કામ પણ થઈ રહયું છે. દેશમાં ગરીબી ઝડપથી નાબુદ થઈ રહી છે. ખેડુતોનું કલ્યાણ થઈ રહયું છે. દરેકને ઘરનું ઘર મળી રહયું છે. ઉધોગો વિકાસ પામી રહયા છે. નિકાસ વધી રહયું છે. ફોરેન ઈન્વેસ્ટેમેન્ટ વધી રહયું છે. આ બધું ઝડપી નિર્ણયો-યોજનાઓ અને પારદર્શક વહીવટ થકી શકય બન્યું છે.

વિશ્વ આખું ભારત દેશની આજે પ્રસંશા કરી રહયું છે. જીર૦ ની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. અન્ય દેશો આપણી સલાહ લઈ રહયા છે. જે આપણા માટે ગૌરવની વાત છે. સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારી સામે ઝઝુમી રહયું હતું ત્યારે દેશએ આ મહામારી સામે લડત આપી સામનો કરીને આત્મનિર્ભર બનીને વેકશીન બનાવી દેશના નાગરીકોને સલામત રાખવાનો પ્રયાસ કર્યો છે તેમજ આ વેકશીન અન્ય દેશોને ફ્રીમાં આપી મદદરૂપ થવા પ્રયાસ કર્યો છે જે થકી આરોગ્યક્ષેત્રમાં પણ દેશ ઝડપથી આગળ વધી રહયું છે. દેશમાં ડિઝીટીલાઈઝેશન પણ ખુબ ઝડપણી વધી રહયું છે રોજનું ટ્રાન્ઝેકશન આશરે ૫૦ કરોડ આસપાસ થઈ રહયું છે જે આવનારા ટુંક સમયમાં ૧૦૦ કરોડ સુધી થવા પામશે. વિશ્વની સૌથી મોટી પાંચ કંપનીઓ વિન્ડોઝ, ટેસ્લા, એપલ, ગુગલ અને એમેઝોન છે. તેમાંથી ત્રણ કંપનીઓ ટુંક જ સમયમાં ભારતમાં મોટાપાયે રોકાણ કરી રહયા છે. જેનાથી ખુબ જ ફાયદો થશે અને રોજગારીનું પણ સર્જન થશે. દેશને વિશ્વમાં મોખરે લઈ જવા માટે ૫ મહત્વના સેકટરો ઉભરી રહયા છે. જેવા કે (૧) હેલ્થ (૨) કલાઈમેટ ચેન્જ (૩) ઈકોનોમીક રીકવરી (૪) ક્રિટીકલ એન્ડ ઈમર્જીંગ ટેકનોલોજીસ (૫) ટેરેરીજીમ આમ આવનારા સમયમાં ભારત દેશ મજબુત, શકિતશાળી અને આત્મનિર્ભર તરીકે ઉભરી આવશે અને વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે.

પ્રોગ્રમના અંતે મહાનુભાવો અને સભ્યોમિત્રોનો ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યકત રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના કારોબારી સભ્યશ્રી આશિષભાઈ જોશીએ કરેલ અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવાશ્રી ભાવેશભાઈ મહેતાએ જહેમત ઉઠાવેલ હતી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.